OPEN NOW

LET'S START

THANK YOU FOR SUPPORT

VISIT NOW : WWW.SJVGGRUH.ORG

NEWS LETTER

ALL EVENT

STUDENT IMPROVEMENT

SJVG NEWS LETTER

SHREE SAVARKUNDLA JAIN VIDHYARTHI GRUH

FEBRUARY 2020

WWW.SJVGGRUH.ORG

આનંદની અનુભૂતી



પ્રતિ

પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીમંડળ,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ.

જય જીનેન્દ્ર,

આ સાથે જણાવવાનું કે હુ સોમાણી શિવમ અને અમારી ટીમ આપણી સંસ્થાના કોમ્પ્યુટર શિક્ષક શ્રી જીગ્નેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ ફેબ્રુઆરી માસનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતા ખુબ જ હર્ષની લાગણી અનુભવીએ છીએ.

અભ્યાસ કાર્ય

આપણા દરેક વિદ્યાર્થીઓ નું અભ્યાસ કાર્ય ખુબ જ સરસ રીતે ચાલી રહ્યું છે.દરેક વિદ્યાર્થીઓ નિયમિત રીતે શાળા તેમજ ટ્યુશનવર્ગમાં હાજર રહી સારી રીતે અભ્યાસ કરી રહ્યા છે.

ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ની નવમાસિક પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે અને પરિણામ પણ એકંદરે સારું છે

ધોરણ-૧૧ કોમર્સમાં અભ્યાસ કરતાં પાંચ વિદ્યાર્થીઓ પૈકી કે.કે હાઈસ્કુલમાં અભ્યાસ કરતાં સોમાણી શિવમ અને શાહ દર્શન પ્રથમ અને દ્વિતીય ક્રમાંક મેળવી સંસ્થાનું નામ રોશન કરેલ છે.

જે નીચે મુજબ છે.

વર્ગમાં સ્થાન	વિદ્યાર્થીનું નામ	ધોરણ	ટકા
પ્રથમ	સોમાણી શિવમ અનિલભાઈ	૧૧-કોમર્સ	૯૩.૧૪%
દ્વિતીય	શાહ દર્શન વિજયભાઈ	૧૧-કોમર્સ	૮૬.૮૫%

ઉપરોક્ત બંને વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન...

ધોરણ ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓની માધ્યમિક બોર્ડની પરીક્ષા ૫મી માર્ચથી શરૂ થાય છે.

અન્ય પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની વાર્ષિક પરીક્ષા ૨૬મી માર્ચ થી શરૂ થવાની છે.

પરિણામ સારુ આવે એ હેતુ થી બધા જ વિદ્યાર્થી ઓ ખુબ જ મન લગાવી ને મહેનત કરી રહ્યા છે.

વ્યાયમ વર્ગ

આપણી સંસ્થામાં વહેલી સવારના વિદ્યાર્થીઓ નુ સારું સ્વાસ્થ્ય જળવાઈ રહે એ માટે વ્યાયામ શિક્ષક જયસુખભાઈ કાનાણીના માર્ગદર્શન દ્વારા વ્યાયામ વર્ગમાં જુદી જુદી પ્રવૃત્તિ ઓ ચાલે છે જેવી કે,

યોગ,આસન,પ્રાણાયમ,લેજીમ,ડંમ્બેલસ,ઈન્ડોર અને આઉટડોર રમતો. જેમાં વિદ્યાર્થી ઓ ખુબ જ રસ પૂર્વક ભાગ લે છે.

તેમજ વિદ્યાર્થી ઓ નો રસ જળવાઈ રહે તે માટે થોડાક સમયાંતરે હરીફાઈ નુ પણ આયોજન કરવામાં આવે છે.

કમ્પ્યુટર વર્ગ

આધુનિક યુગમાં દુનિયા સાથે કદમ થી કદમ મિલાવી શકાય એ માટે સંસ્થા દ્વારા જીગ્નેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ કોમ્પ્યુટર વર્ગ ચાલવામાં આવે છે જેમા દરેક વિદ્યાર્થીઓ ખુબ જ રુચિ પૂર્વક રસ લે છે.

તેમજ સ્કુલ ના અભ્યાસ ક્રમ સાથે જીગ્નેશભાઈના માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓને મોટીવેશનલ વિડિઓ બતાવામા આવે છે.તેમજ પોતાના અભ્યાસને લગતા શાળાકીય પ્રોજેક્ટવર્ક પર કામ કરી શાળામાં પણ શ્રેષ્ઠ દેખાવ કરે છે.

જીગ્નેશભાઈ દ્વારા દરેક વિદ્યાર્થીઓ ને યોગ્ય માર્ગદર્શન પણ આપવામા આવે છે.

ધાર્મિક સંસ્કરણ

આપણી સંસ્થામાં રહી અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી ઓ નો શારીરિક,માનસિક અને બોદ્ધિક રીતે વિકાસનું કાર્ય તો થાય જ છે. પરંતુ તેમના સર્વાંગી વિકાસ માટે ધાર્મિક સંસ્કરણ પણ ખુબ જ જરૂરી છે.

ધાર્મિક સંસ્કરણ પણ વ્યવસ્થિત થાય તે માટે નિયમિત અષ્ટપ્રકારી પૂજા કરે તેનો પણ ખાસ આગ્રહ રાખવામાં આવે છે.

આ સાથે તેમને સૂત્ર ,અર્થ, વાર્તા દ્વારા ધાર્મિક સામાન્ય જ્ઞાન પણ ધાર્મિક શિક્ષક હરેશભાઈ દોશી દ્વારા આપવામા આવે છે.

વિજ્ઞાન જગત

ભારતના મહાન વૈજ્ઞાનિક ડો.વિક્રમ સારાભાઈની જન્મ શતાબ્દીની ઉજવણી નિમિતે સાવરકુંડલામાં “ISRO” અમદાવાદના વૈજ્ઞાનિકોની પ્રેરક ઉપસ્થિતિમાં એક અવકાશીય ઉપગ્રહોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેમાં ચંદ્રયાન,જી-સેટ,મિસાઈલ ટેકનોલોજી વગેરેના ફોટોગ્રાફ્,મોડેલ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આપણા વિદ્યાર્થીઓમા પણ વિજ્ઞાન જગત પ્રત્યે અભિરુચિ વધે તે માટે પ્રદર્શન જોવા ગયા હતા.

આ પ્રદર્શન જોઈને વિદ્યાર્થીઓ ને ઘણુ નવુ જાણવા મળ્યુ હતુ .

રમત-ગમત

ધોરણ ૬ થી ૧૦માં ગુરુકુળમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તેમની શાળા દ્વારા યોજાયેલ ૧૦૦ મી. દોડ, બેઝ બોલ, કોથળા દોડ,રમત-ગમત સ્પર્ધામાં ભાગ લઈ પોતાની યોગ્યતા સિદ્ધ કરી શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

દરેક વિજેતા સ્પર્ધક ને ગુરુકુળના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ઘનશ્યામ ભાઈના હસ્તે પ્રમાણપત્ર , મેડલ અને ટ્રોફી આપી તેમનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

રમત ગમત સ્પર્ધા માં સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકો ની યાદી નીચે પ્રમાણે છે.

સ્થાન	રમત	વિદ્યાર્થીનું નામ	ધોરણ
પ્રથમ	૧૦૦ મી. દોડ	શાહ નમ્ર ભાવેશભાઈ	૮
પ્રથમ	બેઝ બોલ	ભાવસાર કુંજલ જીગ્નેશભાઈ	૮
પ્રથમ	કોથળા દોડ	ભાવસાર સુધાંશુ સુશીલભાઈ	૭

શાળાકીય સાંસ્કૃતિક કાર્યક્રમ

આપણી સંસ્થામાં રહી ધોરણ ૬ થી ૧૦ માં ગુરુકુળમાં અભ્યાસ કરતાં વિધાથીઓએ તેમની શાળાના વાર્ષિક ઉત્સવ નિમિતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈ પોતાની આંતરશક્તિનો શ્રેષ્ઠ દેખાવ કરી સૌને મનોરંજન પૂરુ પાડેલ.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીની નામાવલી નીચે મુજબ છે

ક્રમ	વિદ્યાર્થી નું નામ	કૃતિ
૧	શાહ શાહિલ કૃણાલભાઈ	ડીફીકલ્ટ સ્ટંટ
૨	ભાવસાર કુંજલ જીગ્નેશભાઈ	એક્શન સોંગ
૩	શાહ શુભમ ચેતનભાઈ	એક્શન સોંગ

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને ખુબ ખુબ અભિનંદન....

અનુમોદના

આપણી સંસ્થામાં રહી અભ્યાસ કરતાં તેમજ અભ્યાસ પૂર્ણ કરી વિવિધ ક્ષેત્રે પોતાની કામગીરી દ્વારા સંસ્થાનું નામ રોશન કરતા વિદ્યાર્થીને પોતાની માતૃ સંસ્થા પ્રત્યે લાગણી હોવી તે સ્વાભાવિક છે.

હાલમા ધોરણ ૧૨મા અભ્યાસ કરતાં સુરેન્દ્રનગરના વિદ્યાર્થી દસાડીયા ધવલ ના પિતા ગિરીશભાઈ દ્વારા ૧૨ ખુરશી સંસ્થાને ભેટરૂપે આપી સંસ્થા પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરેલ છે.

આ માટે સંસ્થા તેમનો ખુબ ખુબ આભાર માને છે.

પિતા તુલ્ય પ્રેમાળ ગુરુજીને શ્રધ્ધા સુમન - સાવરકુંડલા



ગાંધીજીની વિચારધારા ધરાવનાર અને ચુસ્ત ખાદીવાદી લલ્લુભાઈ શેઠના સહકાર્યકર અને વિદ્યાર્થીઓ ના જીવન ના કેળવણીકાર તરીકે ૪૮ વર્ષસુધી ગૃહપિતા તરીકે ફરજ બજાવનાર શ્રી નંદલાલભાઈ હરિયાણીનું તા ૦૮/૦૨/૨૦૨૦ના રોજ અમદાવાદમાં ૯૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ તે અનુસંધાને સાવરકુંડલામાં યોજાયેલ ગુણનુવાદ સભામાં સ્થાનિક કમીટી સભ્ય શ્રી કનુભાઈ સંઘવી,પ્રદીપભાઈ દોશી,કિશોરભાઈ મહેતા અને ગૃહપતિ જીતુભાઈ અને રમેશભાઈ દ્વારા તેમના પુત્ર ભરતભાઈને શોક સંદેશ પાઠવી શ્રધ્ધાસુમન અર્પણ કરી દુ:ખદની લાગણી વ્યક્ત કરેલ.

પિતા તુલ્ય પ્રેમાળ ગુરુજીને શ્રધ્ધા સુમન - મુંબઈ

મુંબઈ સ્થિત જૈન વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટીઓ શ્રી તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા મુંબઈ તા ૧૪-૦૨-૨૦૨૦ના રોજ દરિયા સ્થાન મહાજન વાડીમાં પુ.સ્વ.નંદલાલદાદાને શ્રધ્ધાસુમન અર્પણ કરવાં ૧૨૦ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો એકઠા થયેલ. સંગીતકાર શરદભાઈ (ઉના વાળા) તેમજ સાથી કલાકારો દ્વારા "શાને લીધી વિદાય... ઓ" દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભીખાલાલભાઈ દોશી દ્વારા અને વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ શ્રી નગીનભાઈ મહેતા,ઉપપ્રમુખ નીલેશભાઈ ગાંધી ,અશોકભાઈ પારેખ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અભયભાઈ સાવડીયા,ભરતભાઈ મહેતા,દિનેશભાઈ દોશી,વિપુલભાઈ દોશી,લલિતભાઈ,ભાવિનભાઈ સંઘવી વગેરેએ શબ્દોરૂપી પુ.સ્વ.નંદલાલદાદાને શ્રધ્ધા સુમન અર્પણ કર્યું હતુ .

જન્મદિનની શુભકામના

આ ફેબ્રુઆરી મહિના દરમ્યાન નીચે મુજબના વિદ્યાર્થીઓનો જન્મદિન આવેલ હોવાથી સંસ્થાના ભોજનાલયમાં દરેક વિદ્યાર્થીને ચોકલેટ વિતરણ કરી જન્મદિનની શુભકામના પાઠવેલ...

જન્મ તારીખ	વિદ્યાર્થીનું નામ
૦૨-૦૨-૨૦૦૮	શાહ આદિત્ય યોગેશભાઈ
૦૫-૦૨-૨૦૦૫	શાહ ભવ્ય મહેન્દ્રભાઈ
૧૫-૦૨-૨૦૦૮	શાહ જતિન ચેતનભાઈ
૨૨-૦૨-૨૦૦૬	શાહ નમ્ર ભાવેશભાઈ

દરેક વિદ્યાર્થીને જન્મદિનની હાર્દિક શુભકામના

શુભેચ્છકનો શુભેચ્છા સંદેશ

ગત જાન્યુઆરી મહિના ના ન્યુઝલેટર બાબતે વાલીમિત્રો,ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રો તેમજ સંસ્થાના હિતચિંતકોનો શુભેચ્છા સંદેશથી અમો ખુશ છીએ.

શુભેચ્છા સંદેશ પાઠવનાર અતુલભાઈ દોશી, યોગેશકુમાર પાનાચંદ, તેજલભાઈ વસા, રાજેન્દ્રભાઈ સંઘવી, અમીશભાઈ દોશી, યોગેશભાઈ શાહ, રીતેશભાઈ ભોજક, જતીનભાઈ દોશી, યશવંતભાઈ વસાણી વગેરેનો ખુબ ખુબ આભાર ...

MUMBAI OFFICE

KALPESH GARMENT 41 CHAKLA (SHERIF DEVAJI) STREET,

MUMBAI – 400003

CONTACT DETAIL :

022 – 23401925 / 23435099

+91-9372940878

BOARDING CONTACT DETAIL

NEAR J.V.MODI HIGH SCHOOL,KAPEL DHAR PASE SAVARKUNDLA – 364515

02845 – 222089 / 02845 – 222031

SJVG222089@GMAIL.COM

+91-9426452089

આભાર